પર્યાવરણ નાશ કે સુશોભન?

# કારેલીબાગ સ્વામિનારાયણ મંદિર દ્વારા 'વૃક્ષો'ના કચ્ચરઘાણ સામે જાગૃત નાગરિકનો જંગ!

**કારેલીબાગમાં** ડિવાઈડરના વૃક્ષો કાપવા મુદ્દે મંદિરના વહીવટદારો અને નાગરિક વચ્ચે ભારે સંઘર્ષ



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરાઃ શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ મંદિર પાસે રોડના ડિવાઈડર પર ઉગેલા વર્ષો જૂના વૃક્ષોને કાપવાની કામગીરીને લઈને આજે ભારે હોબાળો મચ્યો હતો. મંદિરના વહીવટદારો દ્વારા ડિવાઈડરના સુશોભન અને ડેવલપમેન્ટના નામે વૃક્ષો કાપવાની પ્રક્રિયા હાથ ધરાતા એક જાગૃત નાગરિકે સ્થળ પર પહોંચી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, જેના કારણે થોડીવાર માટે ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

ઘટનાની વિગતો મુજબ, કારેલીબાગ સ્વામિનારાયણ મંદિર દ્વારા મંદિરની સામેના રોડ પર આવેલા ડિવાઈડરનું ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ડિવાઈડર પરના સપ્તપર્ણી સહિતના અન્ય ઘટાદાર વૃક્ષોને કટર વડે કાપવાની શરૂઆત કરવામાં આવી હતી. રાહુલભાઈ નામના એક જાગૃત નાગરિકે આ કામગીરી અટકાવી હતી.

તેમનો આક્ષેપ છે કે, કોર્પોરેશન દ્વારા માત્ર ડેવલપમેન્ટની મંજૂરી અપાઈ છે, વૃક્ષો કાપવાની કોઈ લેખિત પરમિશન લેવામાં આવી નથી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, "જે વૃક્ષ ઉગાડતા 20 વર્ષ લાગે તેને મિનિટોમાં કાપી નાખવા તે પર્યાવરણ સાથે મોટો અન્યાય છે."

બીજી તરફ, મંદિરના પ્રતિનિધિઓએ દલીલ કરી હતી કે આ સપ્તપર્ણીના વૃક્ષો છે, જેનાથી અસ્થમા જેવી બીમારીઓ થવાની શક્યતા રહેલી છે અને તેનાથી સતત કાર્બન ડાયોક્સાઈડ ફેલાય છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ આ જગ્યાએ નવું ડેવલપમેન્ટ કરીને વધુ સારા છોડ અને વૃક્ષો રોપવા માંગે છે. દરમિયાન, મંદિરના લોકો અને જાગૃત નાગરિક વચ્ચે તીખી તકરાર પણ જોવા મળી હતી, જેમાં એકબીજા પર નિયમોના ઉલ્લંઘનના આક્ષેપો કરવામાં આવ્યા હતા.

જાગૃત નાગરિકે મ્યુનિસિપલ કોર્પોરેશનના કાગળો ટાંકીને જણાવ્યું કે, મંજૂરી પત્રમાં ક્યાંય પણ વૃક્ષ કાપવાનો ઉલ્લેખ નથી. હાલ પૂરતું આ કામ અટકાવી દેવામાં આવ્યું છે. હવે જોવાનું એ રહે છે કે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન આ બાબતે શું પગલાં લે છે અને શું ખરેખર વૃક્ષો કાપવાની સત્તાવાર પરવાનગી આપવામાં આવી હતી કે કેમ.

# સુસેન રોડ બન્યાના માત્ર 25 દિવસમાં આકાશવાણી સામે ભુવો પડ્યો

**ભ્રષ્ટાચારના** આક્ષેપો સાથે જવાબદારો સામે કડક પગલાં લેવા સ્થાનિકોની માંગ



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરાના સુસેન રોડ પર આકાશવાણી કેન્દ્રની બિલકુલ સામે નવો બનેલો રોડ બેસી જવાની અને મસમોટો ભુવો પડવાની ઘટના સામે આવતા કોર્પોરેશનની કામગીરી પર સવાલો ઉભા થયા છે. આશ્ચર્યની વાત એ છે કે આ રોડ હજુ તાજેતરમાં જ તૈયાર કરવામાં આવ્યો હતો અને તેને માંડ 20 થી 25 દિવસ થયા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, બરોડા ડેરીથી મકરપુરા સુધીનો આ મુખ્ય માર્ગ જીઆઈડીસી વિસ્તારને જોડતો અતિ મહત્વનો રસ્તો છે, જ્યાં દિવસભર હજારો વાહનોની અવરજવર રહે છે. આટલા ટૂંકા ગાળામાં રોડ પર ભુવો પડતા કામગીરીની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા થયા છે. સ્થાનિકોએ તો રોષે ભરાઈને રોડ પર પડેલા ખાડામાં પ્રતીકાત્મક રીતે 'પંચર' લગાવીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. વાહનચાલકોએ જણાવ્યું હતું કે જો કોઈ ટૂ-વ્હીલર સવાર આ ભુવામાં ખાબકે તો મોટી જાનહાનિ થવાની શક્યતા છે. તંત્ર માત્ર ઘટના બન્યા બાદ વળતર આપીને હાથ ખંખેરી લે છે, પરંતુ નબળી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટર સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવતી નથી તેવી રજૂઆત કરવામાં આવી છે.

હાલ તો સ્થાનિકો દ્વારા આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાની માંગ બુલંદ બનાવવામાં આવી છે.

# પ્રદેશ પ્રમુખના નિવેદન બાદ ફરી ઉઠ્યા સવાલો આ પત્રો, સીડી અને પેન ડ્રાઇવ મોકલે છે કોણ?




વડોદરા આવેલા ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા તાજેતરમાં કાર્યકર્તાઓને સંબોધતા કરવામાં આવેલા નિવેદન–"નનામી પત્રિકા મોકલતા જ નહીં, કચરા પેટીમાં નાખી દઈએ છીએ"–બાદ રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. ખાસ કરીને પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે આવા પત્રો, સીડી અને પેન ડ્રાઈવ મોકલનારા 'અજાણ્યા' લોકો આખરે છે કોણ?

પ્રદેશ પ્રમુખે સ્પષ્ટ સંકેત આપ્યો કે હવે આવા અનામી દસ્તાવેજો દ્વારા રાજકીય અસર પાડવાની જૂની રીતો કામ નહીં કરે. જોકે રાજકારણના જાણકારો મજાકમાં કહે છે કે ચૂંટણી આવે એટલે કેટલાક 'અદશ્ય કાર્યકર્તાઓ' અચાનક ખૂબ જ દશ્યમાન બની જાય છે–ફરક એટલો કે તેઓ પોતાનું નામ ક્યારેય નથી લખતા!

ચર્ચા એ પણ છે કે ભૂતકાળમાં આવા નનામી પત્રો અને ડિજિટલ સામગ્રીથી રાજકીય સમીકરણોમાં ફેરફાર લાવવાનો પ્રયાસ કરનારાઓને આ વખતે સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે "હવે જૂના ફોર્મ્યુલા પર રિઝલ્ટ નહીં આવે."

રાજકીય ગલીઓમાં તો હવે પ્રશ્ન એ છે કે કચરા પેટીમાં જતી આ પત્રિકાઓ ખરેખર કચરામાં જ જાય છે કે પહેલા રસપૂર્વક વાંચાઈ પણ જાય છે?

ચૂંટણીનો માહોલ ગરમ બનતા જ આવા 'અનામી દૂત' ફરી સક્રિય થતા હોવાની ચર્ચાઓ વચ્ચે પ્રદેશ પ્રમુખના આ નિવેદનને રાજકીય રીતે એક ચેતવણી–કે કદાચ એક વ્યંગાત્મક સ્મિત–રૂપે પણ જોવામાં આવી રહ્યું છે.

ગુજરાતમિત્ર **વડોદરાની ગપસપ**

## કોન્સ્ટેબલથી 'મિની સાહેબ' સુધીનો સફર! વહીવટદાર બનતા જ PIના આદેશ પણ થયા વૈકલ્પિક?




વડોદરા શહેર પોલીસ વિભાગમાં વહીવટદારની 'પોસ્ટ' હંમેશાં મહત્વપૂર્ણ ગણાય છે. આ પદ મેળવવા માટે સામાન્ય રીતે કર્મચારીઓમાં ભારે સ્પર્ધા જોવા મળે છે. પરંતુ તાજેતરમાં શહેરના એક પોલીસ સ્ટેશનમાં આ 'પોસ્ટ' પર થયેલી નિમણૂક હવે ચર્ચાનો નહીં, પણ કહેવાય તો ચર્ચાસ્પદ પ્રસંગ બની ગઈ છે.

માહિતી મુજબ એક પોલીસ સ્ટેશનમાં વહીવટદારની જગ્યા ખાલી પડતા પોલીસ ઈન્સ્પેક્ટરે પોતાના વિશ્વાસુ ગણાતા એક કર્મચારીને આ જવાબદારી સોંપી હતી. જવાબદારી તો સોંપાઈ પણ લાગે છે કે સાથે અધિકારીપદની અનુભૂતિ પણ બોનસમાં મળી ગઈ હોય એવું સ્ટાફમાં કહેવાઈ રહ્યું છે.

ચર્ચા છે કે નિમણૂક મળ્યા બાદ આ કર્મચારી હવે માત્ર વહીવટદાર નહીં, પણ જાણે સ્ટેશનના અનૌપચારિક કમાન્ડર તરીકે વર્તન કરી રહ્યો છે. સ્થિતિ એટલી રસપ્રદ બની છે કે PIના આદેશો પણ હવે "સૂચન" તરીકે જ લેવામાં આવે છે એવી અંદરખાને ચર્ચાઓ ચાલી રહી છે.

વધુમાં, આ કર્મચારી એક નિવૃત્ત પોલીસ અધિકારીનો પુત્ર હોવાની ચર્ચા પણ સ્ટેશનના કોરિડોરમાં ગરમ છે. કદાચ આ કારણે કાયદા અને વ્યવસ્થાની સમજણમાં આત્મવિશ્વાસ થોડો વધારે જ દેખાઈ રહ્યો હોય એવું સ્ટાફના કેટલાક સભ્યો મજાકમાં કહેતા સાંભળવા મળે છે.

પોલીસ સ્ટેશનના અન્ય કર્મચારીઓ સાથે પણ અહંકારભર્યું વર્તન થતું હોવાની ચર્ચાઓ વચ્ચે હવે સવાલ એ ઉભો થયો છે કે વહીવટદારની 'પોસ્ટ' સાથે ખરેખર કેટલી સત્તા મળે છે – અને કેટલી કલ્પના પરથી ઉમેરાય છે?

હાલ તો સ્ટાફમાં નારાજગીનું વાતાવરણ હોવાનું કહેવાઈ રહ્યું છે. હવે જોવાનું રહ્યું કે ઉચ્ચ અધિકારીઓ આ "વિશ્વાસુ નિમણૂક" પર કેટલો વિશ્વાસ આગળ પણ રાખે છે કે પછી સ્ટેશનમાં ફરીથી વહીવટ અને અધિકાર વચ્ચેનો ફરક સમજાવવાનો સમય આવે છે!

## "ગેસ પણ ગયો, પેટ્રોલ પણ ગયું અને કલેક્ટર સાહેબ પણ ક્યાંક 'આઉટ ઓફ કવરેજ એરિયા'માં!"




તાજેતરમાં શહેરમાં પહેલા ગેસ સિલિન્ડર અને ત્યારબાદ પેટ્રોલ-ડીઝલ માટે સર્જાયેલી અંધાધૂંધી દરમિયાન લોકો એક જ પ્રશ્ન પૂછતા જોવા મળ્યા–"કલેક્ટર સાહેબ ક્યાં છે?" કારણ કે સામાન્ય રીતે આવી પરિસ્થિતિમાં કલેક્ટર ઓફિસ જ 'કમાન્ડ સેન્ટર' બની જાય છે. પરંતુ આ વખતે તો જાણે કમાન્ડ પણ ગાયબ અને સેન્ટર પણ ગાયબ!

આશ્ચર્યની વાત એ રહી કે સમગ્ર પરિસ્થિતિનો બોજ મહિલા પુરવઠા અધિકારીના ખભા પર મૂકાઈ ગયો, જ્યારે લોકો કલેક્ટર સાહેબના એક નિવેદન માટે રાહ જોતાં રહ્યા. શહેરમાં લાઈનો લાંબી થતી ગઈ, ચર્ચાઓ ગરમ થતી ગઈ–પણ કલેક્ટર સાહેબનું મૌન વધુ જ લાંબું બનતું ગયું.

રાજકીય ગલીઓમાં તો હવે વ્યંગ સાથે ચર્ચા થઈ રહી છે કે કદાચ વડોદરામાં ગેસ અને પેટ્રોલની સાથે સાથે "જવાબદારી" પણ અછતમાં પડી ગઈ છે અને કલેક્ટર સાહેબે એ અછતથી પોતાને બચાવવા માટે સમયસર 'સેફ ડિસ્ટન્સ' જાળવી લીધો છે!

# ડોગ સાથે ચાલવા નીકળેલા યુવકને ટક્કર મારી મોપેડ ચાલક ફરાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલ આઈટીઆઈ પાસે અકસ્માતની ઘટના બની છે. પેટ ડોગ સાથે ચાલવા નીકળેલા યુવકને પાછળથી અજાણ્યા મોપેડ ચાલકે જોરદાર ટક્કર મારતા તેને ઈજા પહોંચી હતી. જ્યારે અકસ્માત સર્જી મોપેડ ચાલક પોતાનું મોપેડ સ્થળ પર છોડી ફરાર થઇ ગયો હતો.

વડોદરાના તરસાલી આઈટીઆઈ પાસે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. એક વ્યક્તિ પોતાનું પાલતુ શ્વાન લઈને રસ્તા પર ફરવા નીકળ્યો હતો. ત્યારે પાછળથી આવતા મોપેડ સવારે બેદરકારીપૂર્વક વાહન હંકારી તેમને ટક્કર મારી હતી. જેના કારણે શ્વાન સાથે ચાલી રહેલ વ્યક્તિ ફંગોળાઈ જમીન પર પટકાયો હતો. જેના કારણે તેઓને ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ચાલક પોતાનું મોપેડ સ્થળ પર જ છોડી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક મદદ



માટે દોડી આવી ઈજાગ્રસ્તને 108 બોલાવી સ્થળ પર જ સારવાર કરાવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી ફરાર થયેલા ચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે.


રીક્ષા ચાલકે ગાળા ગાળી કરી અન્ય લોકોને બોલાવતા 25 થી વધુ ઈસમોનું ટોળું તૂટી પડ્યું

# નવાપુરામાં સામાન્ય અકસ્માતે રિક્ષા ચાલક સહિત તેના સાગરીતોનો કાકા ભત્રીજા પર હુમલો

**નવાપુરા** પોલીસે મોડીરાત સુધી ફરિયાદ નહિ નોંધતા પરિવારજનોએ કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં માતાજીના મંદિર સામે આર.વી. દેસાઈ રોડ પર એક સામાન્ય અકસ્માત બાદ ગંભીર જૂથ અથડામણ સર્જાઈ હતી. રિક્ષા ચાલકે ગાળાગાળી કરી ગાડી ચાલકની ફેંટ પકડી લીધી હતી. ચાલકનો ભત્રીજો વચ્ચે પડતા મામલો ઉગ્ર બન્યો હતો અને રિક્ષા ચાલકે પોતાના સાગરીતોને બોલાવતા 25 થી 30 લોકોના ટોળાએ કાકા ભત્રીજા પર હુમલો કરી મારામારી ફરાર થઇ ગયા હતા. સમગ્ર બનાવે નવાપુરા પોલીસે ફરિયાદ નહીં લીધી હોવાના આક્ષેપ ઈજાગ્રસ્ત અને તેના પરિવારજનોએ



કર્યા હતા.

આર.વી.દેસાઈ રોડ પર ગુજરાત કોલોનીમાં રહેતા જયરાજ ઠાકોરે જણાવ્યું હતું કે, મારા કાકા આરવી દેસાઈ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. એક રિક્ષા સાથે તેમની માત્ર ગાડી ટચ થઈ હતી, તો રિક્ષામાંથી ઉતરીને ડાયરેક્ટ તે ગાળો બોલવા લાગ્યો અને મારા કાકાની ફેટ પકડી લીધી હતી. હું વચ્ચે છોડાવા માટે પડ્યો હતો. જોકે, ત્યાંથી સમાધાન કરી અમે નીકળી ગયા હતા, તો થોડા આગળ જઈને પાછા મારા કાકાને એ લોકોએ પકડ્યા હતા. જ્યાં મેં વચ્ચે પડ્યો તો મને પણ માર્યો છે. નવાપુરા માતાજીના મંદિરની સામે આ ઘટના બની હતી. હું એ લોકોને ઓળખતો નથી, પણ લઘુમતી સમાજના લોકો હતા. 30 જેટલા લોકો ભેગા થઈ ગયા હતા. ઘટના બાદ મેં પરિવારજનોને જાણ કરી નવાપુરા પોલીસ મથકે આવ્યા હતા. જ્યાં પોલીસ ફરિયાદ પહેલા તો લીધી ન હતી. કેમકે એ લોકો એવું કહે છે કે કાકાને પહેલા હાજર કરો પણ કાકા ખબર નથી કે કઈ જતા રહ્યા અને એમનો ફોન પણ સ્વીચ ઓફ આવે છે. કાકા બી ગયા હોઈ શકે. કાકા નહીં આવે ત્યાં સુધી અમે ફરિયાદ લઈએ નહીં તેમ પોલીસનું કહેવું છે. મોડી રાત સુધી નવાપુરા પોલીસે ફરિયાદ નહીં લેતા પરિવારજનો પોલીસ મથક બહાર બેસી રહ્યા હતા અને અંતે જો પોલીસ ફરિયાદ નહીં નોંધે તો બીજા દિવસે શહેર પોલીસ કમિશનરને ફરિયાદ આપવા જણાવ્યું હતું.

# માણેજા ક્રોસિંગ પાસે ટેન્કરે પાછળથી ટક્કર મારતા કાર ડિવાઈડર પર ચડી ગઈ, ચાલક ફરાર

**પોલીસે** નંબર પ્લેટ વિનાની ટેન્કર કબ્જે કરી ફરાર ચાલકની શોધખોળ હાથધરી



(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરા શહેરના માણેજા ક્રોસિંગ પાસે અકસ્માતની ઘટના બની હતી ટેન્કરના ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારતા કાર બે રાઉન્ડ ફરીને ઉંધી થઈ ડિવાઈડર ઉપર ચડી ગઈ હતી. સદનસીબે કારમાં સવાર પિતા પુત્ર અને માતાનો આબાદ બચાવો થયો હતો.

વડોદરા શહેરમાં ફરી એક વખત ભારદારી વાહનો બેફામ બન્યા છે. ત્યારે શહેરના દક્ષિણ વિસ્તારમાં માણેજા ક્રોસિંગ પાસે અકસ્માતની ઘટના બની હતી. કાર ચાલકે જણાવ્યું હતું કે, હું સીધો આવી રહ્યો હતો. ગામડેથી સીટી તરફ જઈ રહ્યો હતો. હું બીજી ટ્રેક પર હતો, હવે એણે પાછળથી એવી ટક્કર મારી કે મને કશી ખબર ન પડી. કોઈ ઓવરટેક નહીં, કશું જ નહીં, સીધી એની ગાડી ચાલતી હતી અને મારી ચાલી રહી હતી. એણે કઈ રીતે પાછળની સાઈડથી લાપટ મારી એટલે મારી આખી ગાડી ફરી ગઈ અને ટક્કર મારી દીધી એટલે ગાડી આખી બે રાઉન્ડ ફરી અને ઊંધી થઈ ઉપર ચડી ગઈ હતી. હું માલસરથી આવતો હતો અને કારેલીબાગમાં મારા બાબાની ગુજકેટની પરીક્ષા છે,એટલે એ એક્ઝામ અપાવવા માટે જઈ રહ્યો હતો. એને બીજા વાહન મારફતે પરીક્ષા આપવા મોકલી દીધો છે કોઈને વાગ્યું નથી. અત્રે મહત્વની બાબત એ છે કે, શહેરમાં આજે પણ ભારદારી વાહનોનો ત્રાસ યથાવત જોવા મળી રહ્યો છે. માણેજા ક્રોસિંગ પાસે નંબર પ્લેટ વિનાના ટેન્કર ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત સર્જી ઘટના સ્થળેથી ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવને પગલે સ્થાનિક પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ટેન્કર કબજે કરી ફરાર થયેલા ચાલકની શોધખોળ હાથ ધરી છે.

બે મુખ્ય ટ્રેનોના કોચનું નિર્માણ

# કર્ણાવતી એક્સપ્રેસ ટ્રેન બાંદ્રા ટર્મિનસથી શરૂ અને સમાપ્ત થશે

**વંદે ભારત** એક્સપ્રેસ 20-કોચ રેક સાથે દોડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

પશ્ચિમ રેલવે દ્વારા કામચલાઉ ઓપરેશનલ ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં ટ્રેન નં. 12933/12934 મુંબઈ સેન્ટ્રલ - વટવા / અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલને મુંબઈ સેન્ટ્રલથી બાંદ્રા ટર્મિનસમાં ખસેડવાનો અને ટ્રેન નં. 22961/22962 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસમાં કોચનું કામચલાઉ વિસ્તરણ 16 થી 20 કોચ કરવાનો સમાવેશ થાય છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જણાવ્યા અનુસાર અનુસાર, ટ્રેન નં. 22961/22962 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસમાં ચાર વધારાના કોચનો સમાવેશ કરવામાં આવશે અને 01 એપ્રિલથી 27 એપ્રિલના રોજ શરૂ થનારી યાત્રાથી 20 કોચ રેક સાથે દોડાવવામાં આવશે. ટ્રેન નં. 12933/12934 બાંદ્રા ટર્મિનસ - વટવા / અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ 1 એપ્રિલથી 27 એપ્રિલના રોજ શરૂ થનારી યાત્રાથી અસ્થાયી ધોરણે મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે/ સમાપ્ત થશે.

ટ્રેન નં. 12933 બાંદ્રા ટર્મિનસથી 13:55 વાગ્યે ઉપડશે, જ્યારે ટ્રેન નં. 12934 બાંદ્રા ટર્મિનસ 12:30 વાગ્યે પહોંચશે; મધ્યવર્તી સ્ટેશનોના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. મુસાફરોને ઉપરોક્ત ફેરફારોની નોંધ લેવા અને તે મુજબ તેમની મુસાફરીનું આયોજન કરવા જણાવાયું છે.

# સાવલી રોડ પર પરીક્ષાની તૈયારી માટે મળશે માર્ગદર્શન

(પ્રતિનિધિ) વડોદરા તા.29

અગ્રણી શૈક્ષણિક સંસ્થા ફિઝિક્સ વાલા દ્વારા સાવલી વિસ્તારમાં નવા ટેક-સક્ષમ વિદ્યાપીઠ કેન્દ્રના પ્રારંભ સાથે વડોદરામાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવવામાં આવી છે. આ સાથે શહેરમાં સંસ્થાનું ત્રીજું વિદ્યાપીઠ કેન્દ્ર કાર્યરત બન્યું છે. નવું વિદ્યાપીઠ કેન્દ્ર બીજો માળ, શ્રી સિદ્ધેશ્વર હેવલોક, દુકાન નં. ૯ થી ૧૦, સમા-સાવલી રોડ ખાતે આવેલું છે. શહેરમાં અગાઉથી અલકાપુરી અને માંજલપુર વિસ્તારમાં પણ વિદ્યાપીઠ કેન્દ્રો કાર્યરત છે.

સંસ્થાના મુખ્ય કાર્યકારી અધિકારી અંકિત ગુપ્તાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમની નજીક ઉપલબ્ધ કરાવવાનો સંસ્થાનો મુખ્ય હેતુ છે અને નવા કેન્દ્રથી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચ સુલભ બનશે. વિદ્યાપીઠ કેન્દ્રોમાં જેઈઈ, નીટ તથા ફાઉન્ડેશન અભ્યાસક્રમ સાથે ઓલિમ્પિયાડ જેવી શૈક્ષણિક સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વ્યાપક માર્ગદર્શન આપવામાં આવે છે. ઉપરાંત રેકોર્ડ કરાયેલા વ્યાખ્યાન, એનસીઈઆરટી આધારિત સહાય, રૂબરૂ શંકા નિરાકરણ, દૈનિક અભ્યાસ પ્રશ્નો, વિશિષ્ટ અભ્યાસ સામગ્રી, ગયા વર્ષોના પ્રશ્નપત્રો તેમજ સર્વભારતીય પરીક્ષણ શ્રેણી જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

# વડોદરા રોડ સેફટીનો નિયમ પાળનારા વાહનચાલકોને 'છાસ' આપી સન્માન



(પ્રતિનિધિ) વડોદરા તા.29

શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક કાલાઘોડા સર્કલ પાસે માર્ગ સલામતી અને ટ્રાફિક જાગૃતિના હેતુથી એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ વડોદરા બનિયાન સિટી અને ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ અભિયાનમાં નાગરિકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમની ખાસિયત એ હતી કે, જે વાહનચાલકોએ હેલ્મેટ પહેર્યું હતું અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરી રહ્યા હતા, તેઓને રોટરી ક્લબ તરફથી 'છાસ' આપીને તેમનું સ્વાગત અને પ્રોત્સાહન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ટ્રાફિક અવેરનેસ વધારવા માટે લોકોમાં પત્રિકાઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું અને પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે છોડ પણ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ટ્રાફિક વિભાગના પી.આઈ. પી.ડી. પરમાર અને તેમની ટીમ વિશેષ ઉપસ્થિત રહી હતી. રોટરી ક્લબ વડોદરા બનિયાન સિટીના પ્રેસિડન્ટ અમિત સોમાભાઈ લીંબાચીયાએ જણાવ્યું હતું કે, શહેરના દરેક વ્યક્તિ રૂલ્સ અને રેગ્યુલેશન ફોલો કરે તેવા ઉમદા હેતુથી આ પ્રોગ્રામ રાખવામાં આવ્યો છે. લોકો સ્લોગન વાંચીને જાગૃત થાય અને ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે જ આ અભિયાનનો મુખ્ય લક્ષ્ય છે.

આ પ્રસંગે ક્લબના સેક્રેટરી દીપકભાઈ વાસનાની, પ્રવીણભાઈ પોરવાલ, રામમૂલ ચંદાની સહિતના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ટ્રાફિક પોલીસ અને સામાજિક સંસ્થાના આ સહિયારા પ્રયાસને રાહદારીઓ અને વાહનચાલકોએ બિરદાવ્યો હતો.

# વિશ્વકર્મા સમાજ દ્વારા "શ્રી વિશ્વકર્મા બિઝનેસ એક્સ્પો-2026"નું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વિશ્વકર્મા સમાજના અનેક સભ્યો વિવિધ વ્યવસાય, ઉદ્યોગ અને તકનીકી ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. તેમ છતાં સમાજના ઘણા સભ્યો એકબીજા સાથે સીધો સંપર્ક સ્થાપિત કરી શકતા નથી. આ અંતરને દૂર કરવા માટે "શ્રી વિશ્વકર્મા બિઝનેસ એક્સ્પો-2026"નું 11 અને 12 એપ્રિલ, 2026ના રોજ ગાંધીનગર હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરાયું છે. જેનું ઉદ્ઘાટન પ્રદેશ અધ્યક્ષ, ભાજપ ગુજરાત રાજ્યના જગદીશભાઈ પંચાલના હસ્તે કરાશે. 28 માર્ચ, 2026ના રોજ અમદાવાદ એસ.જી. હાઈવે ખાતે શ નિરવભાઈ જયંતીભાઈ મેવાડાની અધ્યક્ષતામાં માર્ગદર્શક બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન એક્સ્પોના આયોજન, કામગીરી અને આયોજનબદ્ધ અમલીકરણ અંગે વિગતવાર માર્ગદર્શન અપાયું. આ પ્રસંગે SVB Expoની ટીમ, સુથાર સમાજ ગુજરાત વડોદરાના ઉપપ્રમુખ નિખિલભાઈ ડાહ્યાભાઈ ગજ્જર, મંત્રી સંજય આર. ગજ્જર સહિત રાજ્યભરના વિશ્વકર્મા સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહી બેઠકને સફળ બનાવી.

# અલવી સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન ટોક યોજાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા ખાતે અલવી બોહરા જમાઅતની બરોડા સાયક્લોપીડિયન ટીમ દ્વારા આજે સવારે આજવા રોડ સ્થિત વોહરા ક્લાસિસ ખાતે ધોરણ ૧૦ પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટોકનો મુખ્ય હેતુ ધોરણ ૧૧ અને ૧૨ માટે યોગ્ય સ્કૂલ કેવી રીતે પસંદ કરવી તે અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન આપવાનો હતો.

ઘણા વાલીઓમાં ધોરણ ૧૧ અને ૧૨ માટે યોગ્ય સ્કૂલ પસંદગી અંગે મૂંઝવણ રહેતી હોવાને કારણે આ કાર્યક્રમ ખાસ ઉપયોગી સાબિત થયો હતો. કાર્યક્રમ દરમિયાન અગાઉ વિવિધ સ્કૂલોમાં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ પોતાના અનુભવો શેર કર્યા હતા, જેથી ઉપસ્થિત લોકોને યોગ્ય નિર્ણય લેવામાં સહાય મળી. વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ માર્ગદર્શનનો લાભ લઈ શકે તે માટે આવનારા અઠવાડિયામાં ફરી એકવાર આવો કાર્યક્રમ યોજવાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

# બરોડા બેડમિન્ટન એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા મળી




(પ્રતિનિધિ) વડોદરા તા.29

રવિવારે મળેલી બરોડા બેડમિન્ટન એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ દરમિયાન રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ દેખાવ કરનાર વડોદરાના ખેલાડીઓને સન્માનિત કરાયા હતા. વાર્ષિક સામાન્ય સભામાં આગામી વર્ષો માટે કારોબારી સમિતિની સર્વાનુમતે નિમણુંક કરાઈ હતી. કાર્યક્રમમાં બરોડા બેડમિન્ટન એસો.ના પ્રમુખ ગીરીશ પટેલ દ્વારા સૌપ્રથમ સ્વ.એસ ટી દેસાઈને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. વર્ષ દરમિયાન એસો.કરેલ કામગીરી અંગેનો અહેવાલ આપેલ. ખાસ કરીને ગુજરાતની દરેક વય ગ્રુપની રાજ્યકક્ષાની સ્પર્ધા અને અંડર ઈલેવનની રાષ્ટ્રીય ચેમ્પિયનશિપનું આયોજન સફળતાપૂર્વક પાર પાડેલ. બરોડાના દરેક વય ગ્રુપના કુલ ૬૬ બેડમિન્ટન ખેલાડીઓને સન્માનિત કરાયા હતા. બરોડા બેડમિન્ટન એસો.ના માનદ મંત્રી રાકેશ રસાણીયા, સહ મંત્રી તુષાર કદમ અને ઉપપ્રમુખ જયેશ ભાલાવાલા દ્વારા ખેલાડીઓને અને વાલીઓને બેડમિન્ટનના રમતનો વિકાસ અંગે તેઓના સાથ સહકાર ખૂબ જ જરૂરી છે તે અંગે માર્ગદર્શન આપેલ.